# IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C., AT MAHEMDAVAD, DIST.- KHEDA.

## :: આંક–૦૮ લગત હુકમ ::

(૧) આ કામે પ્રતિવાદી ધ્વારા હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(એ)(ડી) મુજબ લાવી રજૂઆત કરેલ છે કે, વાદીનો દાવો ટકવા પાત્ર નથી તેમજ તેને સમય મર્યાદાનો બાધ નડે છે અને વાદીએ મટીરીયલ ફેકટ છુપાવેલ હોઈ વાદી કોઈપણ પ્રકાર ની દાદ મેળવવા હકદાર નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે વાદીએ પોતાના દાવા અરજીના પેરા નં.૪ મા જણાવેલ હકીકત સત્યથી વેગળી છે અને તેમા દાવાનુ કારણ ઉપસ્થિત થવા બાબતે ચોકકસ કોઈ હકીકત કે તારીખ જણાવેલ નથી અને જાણી જોઈને તારીખ જણાવેલ નથી. વધુમા પ્રતિવાદીએ તા.૨૭/૬/૧૯૯૫ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૫૯/૯૫ થી દાવાવાવાળી જમીન વેચાણ રાખેલ હોય અને તેની જાણ વાદીઓને દસ્તાવેજ થયા ત્યારથી હોય સદર દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. વાદીએ સદર દસ્તાવેજ થયાના ૨૩ વર્ષ બાદ હાલનો દાવો દાખલ કરેલ છે જેથી લીમીટેશન એકટના કાયદાના શીડયુલમા જણાવેલ આર્ટીકલ નં.૫૬ થી ૫૯ મુજબ વાદીનો દાવો સમય મર્યાદામા હોવાનુ જણાતુ નથી. તેમજ પ્રતિવાદીએ સદર અજરી સાથે નામદાર વડી અદાલતના ચુકાદાઓ રજુ કરી વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામે પ્રતિવાદીએ આપેલ આંક–૦૮ થી ઓ. ૭, રુ ૧૧(એ) અને (ડી) મુજબની અરજી લાવેલ છે જેના વિરુધ્ધ વાદીએ આંક–૧૬ થી લેખીત જવાબ આપેલ છે જેમાં તેઓએ પ્રતિવાદીની અરજીની કબુલ કર્યા સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં પોતાના જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદીને સદર દાવામાં આવી અરજી કરવાનો કોઈ હકક અધિકાર પ્રથમ દષ્ટ્રીએ પ્રાપ્ત થતો નથી. જો પ્રતિવાદી એ વાદની દાવા અરજી પુરેપુરી વાંચી જ હોય તો વાદીની દાવા અરજીમાં ફકરા નંબર ૪ માં વાદી સ્પષ્ટપણે દાવાના કામે જણાવે છે કે, '' મોજે ગામ ઘોડાસર, તા.મહેમદાવાદ ની સીમના આવેલ જમીન જેનો સર્વે નં.૧૬૧ નો ખાતા નં.૫૨૭ જેનું ક્ષેત્રફળ

૦–૭૩–૮૬ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂા.૩.૧૯ પૈસાવાળી જમીનની વાદીના પિતાએ વીલ કરી તેઓને વહેચણીમાં આવેલ અને તે વીલની વહેચણીના આધારે વાદી માલીક થયેલા અને માલીક હકક ભોગવતા આવેલ છે અને સદરહું જમીનમાં પ્રતિવાદી ની બદદાનત થયેલી અને જમીન પડાવી લેવાના બદઆશયથી વાદીના પિતા તથા પ્ર તિવાદીના પિતા નામે શીવાજી ઐતાજી ચૌહાણનાઓને ફોસલાવી પટાવી માદક પીણું પીવડાવીને બે ભાન અવસ્થામાં પ્રતિવાદીએ રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લઈને ખોટો દસ્તાવેજ હોવા છતાં તે સાચો ગણાવી માલીકીનો હકક નષ્ટ કરવા માટે તથા દસ્તાવેજના આધારે માલીક બનવા માટે યુકિત રચેલ હોય વાદીને સદર જમીનમાંથી બેદલખ ના થઈએ તેઓનો માલીક હકક તથા માલીકી પણું પ્રસ્થાપિત થયેલ હોઈ આ કામના પ્રતિવાદી દસ્તાવેજના આધારે કબજો તથા તેઓના હકકોને નુકશાન ન કરે તે માટે દાવો કર્યા સીવાય નીવારક દાદ મળીશકે તેમ ન હોય કારણ ઉભુ થયેલ છે. '' આમ વાદી તેમના દાવા અરજીના પેરા નં.૪ માં જણાવે છે. તેઓ તેમનો કબજો તથા હકકોને નુકશાન ન થાય તે માટે દાવો નામદાર કોર્ટમાં રક્ષણ માટે કરે છે. પ્રતિવાદી તેમની અરજીના ફકરામાં સમય મર્યાદાનો પ્રશ્ન લઈને વાદીની દાવા અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે તું જણાય છે તે બાબતે સાબીત કરવી જોઈએ. વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ છે તેવું બતાવવા ઠોસ પુરાવાઓ અરજી સાથે રજુ કરવા જોઈએ. વાદીને જયારે જાણ થઈ પ્રતિવાદીએ સદર ફ્રોડ દસ્તાવેજ તથા તેનો ઉપયોગ પાછળથી કરવાના ઈરાદાથી કરેલ હોય તેમણે કરેલ દસ્તાવેજનો ઉપયોગ ના કરે તે માટે વાદી સદર દાવો દાખલ કરેલ છે. વાદી તેમના પુરાવા લીસ્ટમાં આંક–૩ નો નિ.૧ થી રજુ કરેલા દસ્તાવેજોમાં સ્પષ્ટ બતાવે છે કે વાદીને સદર દસ્તાવેજની જાણ કયારે થઈ અને મીલકતનું રેકર્ડ કાઢવતા રેકડીય તારીખ પણ જણાવેલ છે અને વાદીને જાણ થતાં તેણે ૩ વર્ષમાં દાવો દાખલ કરવો પડે. જયારે વાદીનો લગભગ ૧૦ થી ૧૫ મહીનાની અંદર દાવો લઈને સીવીલ કોર્ટમાં આવેલ છે. જેથી સમય મર્યાદાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મહીપતભાઈ રામાભાઈ ઠાકોર વિરુધ્ધ વિનુભાઈ શામળભાઈ એલ.એલ.જી.૨૦૧૭ ડીની પાન નં.૪૦૧ માં

જણાવે છે. સી.પી.સી. ઓર્ડર ૭(૧૧) વિના તેનો નિર્ણય કરી શકાય નહી. આમ,પ્રતિવાદીની સદર અરજી ખર્ચ સાથે રદ કરી વાદીને કોમ્પનેનસરી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

(૩) વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફે આંક –૧૪ થી લેખીત દલીલ રજુ રાખેલ છે.

(૪) ઉપરોકત પ્રતિવાદીની અરજી સંદર્ભે આ કામે આંક–૧ થી રજુ વાદીની દાવા અરજી ધ્યાને લેતા વાદીએ જણાવેલ છે કે વાદીના ગુ.પિતા શીવાભાઈ ઐતાજી ચૌહાણના નામે ઘોડાસર, તા.મહેમદાવાદમા જુદી જુદી જમીન આવેલ હતી જેમા તેઓના વારસો લડી ન મરે તે કારણે તેઓએ તા.૨૭/૧/૮૯ ના રોજ રજી.વીલ કરી તમામ વારસદારોને જમીન વીલથી વહેચણી કરી આપેલ અને તે આધારે ઘોડાસરની સીમ જમીન સર્વે નં.૧૬૧, ખાતા નં.પ૨૭ જેનુ ક્ષે.૦–૭૩–૮૬ હે.આરે.ચોમી. વાળી જમીનનુ વીલ કરી આપેલ જે આધારે રેવન્યુ રેકર્ડમા ફે.નોધ નં.પ૮૪૨ થી વાદી હીરાબેન શીવાભાઈ ચૌહાણનુ નામ દાખલ થયેલ અને તે આધારે વાદીએ દાવાવાળી જમીનનો કબજો મેળવી ત્યારથી ખેતીની ઉપજ નીપજ લે છે. જે બાબતે વાદીએ નિ.૩/૧ તથા નિ.૩/૨ થી ગામ નમુના નં.૭ તથા નં.૮–અ રજુ કરેલ છે જેમા ઉપરોકત સર્વે નં.૧૬૧ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમા વાદીનુ નામ કબજેદાર તરીકે તા.૨૯/૮/૨૨ ના રોજ જણાય છે.

વાદીએ રજુ કરેલ નિ.૩/૩ થી ગામ નમુના નં.૬ હકક પત્રક નોધ નં.પ૮૩૯ ધ્યાને લેતા તા.૧૭/૪/૦૧ ના રોજ કબજેદાર શીવાજી ઐતાજી ચૌહાણે તા.૨૭/૧/૮૯ ના રોજ જીવાભાઈ શીવાભાઈ ચૌહાણને સર્વે નં.૮૧પ તથા નં.૧૬૩ પૈકીવાળી જમીનનુ રજીસ્ટર વીલ કરી આપેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ છે તેમજ સદર નોધ પ્રમાણીત થયેલ છે.

તેમજ વાદી તરફે રજુ નિ.૩/૪ થી ગામ નમુના નં.૬ હકક પત્રક નોધ નં.પ૮૪૦ ધ્યાને લેતા તા.૧૭/૪/૦૧ ના રોજ કબજેદાર શીવાજી ઐતાજી ચૌહાણે તા.૨૭/૧/૮૯ ના રોજ તેમના પુત્ર રામાભાઈ શીવાભાઈ ચૌહાણને સર્વે નં.૮૪પ તથા નં.

૨૬૪/૩ પૈકીવાળી જમીનનુ રજીસ્ટર વીલ કરી આપેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ છે તેમજ સદર નોઘ પ્રમાણીત થયેલ છે.

તેમજ વાદી તરફે રજુ નિ.૩/૫ થી ગામ નમુના નં.૬ હકક પત્રક નોઘ નં.૫૮૪૧ ઘ્યાને લેતા તા.૧૭/૪/૦૧ ના રોજ કબજેદાર શીવાજી ઐતાજી ચૌહાણે તા.૨૭/૧/૮૯ ના રોજ તેમના પુત્ર રમણભાઈ શીવાભાઈ ચૌહાણને સર્વે નં.૧૫૦, ૨૭૯, ૮૪૩ વાળી જમીનનુ રજીસ્ટર વીલ કરી આપેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ છે તેમજ તેમના દીકરા રમણભાઈ શીવાભાઈ તા.૧૨/૮/૯૨ ના રોજ મરણ ગયેલ હોય તેઓના વારસદાર ભાનુબેન રમણભાઈ તથા અલ્પાબેન રમણભાઈ નાઓના નામ દાખલ કરેલ છે. સદર નોઘ પ્રમાણીત થયેલ છે.

તેમજ વાદી તરફે રજુ નિ.૩/૬ થી ગામ નમુના નં.૬ હકક પત્રક નોઘ નં.૫૮૪૨ ઘ્યાને લેતા તા.૧૭/૪/૦૧ ના રોજ કબજેદાર શીવાજી ઐતાજી ચૌહાણે તા.૨૭/૧/૮૯ ના રોજ તેમના પત્ની ચંદાબેન શીવાભાઈ તથા દીકરી હીરાબેન શીવાભાઈ ચૌહાણને સર્વે નં.૧૬૧, ૮૪૪ વાળી જમીનનુ રજીસ્ટર વીલ કરી આપેલ છે અને વીલ કરી આપનાર તા.૧૧/૮/૯૬ ના રોજ મરણ ગયેલ છે. સદર નોઘ પ્રમાણીત થયેલ છે.

જે ઉપરોકત હકીકત ઘ્યાને લેતા ગુ.શીવાજી ઐતાજીએ તેમના વારસદારોના નામે તેમની હયાતીમા એક જ તારીખે પોતાના નામે આવેલ જમીન રજી.રૂલ ઘ્વારા વારસદારોના નામે કરી આપેલાનુ જણાય છે. તેમજ નોઘ નં.૫૮૪૨ ઘ્યાને લેતા દાવાવાળી જમીન સર્વે નં.૧૬૧ વાળી વાદીના નામે રજી.વીલ થી પ્રાપ્ત થયેલાનુ જણાય છે.

આ કામે વાદી તરફે રજુ નિ.૩/૭ વાળો વેચાણ દસ્તાવેજ ઘ્યાને લેતા તેમા લખી આપનાર તરીકે ચૌહાણ શીવાજી ઐતાજીનુ નામ તથા લખાવી લેનાર તરીકે પ્રતિવાદી રામાભાઈ શીવાભાઈ ચૌહાણનુ નામ છે જે મોજે ઘોડાસર, તા.મહેમદાવાદ ખાતે આવેલ સીમ જમીન સર્વે નં.૧૬૧ ક્ષે.૦–૩૩–૮૬ વાળી જમીન રૂ.૨૮,૦૬૫/– ના અવેજથી વેચાણ દસ્તાવેજ નં.૪૫૯/૯૫, તા.૨૭/૬/૯૫ ના રોજ કરી આપેલ છે જેમા કબજા સહીતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલાનુ જણાય છે.

ઉપરોકત વેચાણ દસ્તાવેજ બાબતે વાદી તરફે રજુઆત છે કે સદર દસ્તાવેજ તેઓના વડીલ શીવાજી ઐતાજીને માદક પીણુ પીવડાવી બેભાન અવસ્થામા સદર રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે આધારે વાદીએ સદર દાવો દાખલ કરી દાવાવાળી જમીન વાદીને તેઓના પિતા તરફથી વીલથી વેચાણથી મળેલ હોય તેમજ વાદી સદર જમીનના સાચા માલીક હોય અને પ્રતિવાદી વાદીને સદર જમીનમાથી બેદખલ કરી નહી અને પ્રતિવાદીનાઓની તરફેણમા કરવામા આવેલ વેચાણ દસ્તાવેજ રદ કરવાની દાદ માંગેલ છે.

આ કામે રેકર્ડ પર રજુ પુરાવો ધ્યાને લેતા વાદી તથા પ્રતિવાદીના વડીલ શીવાજી ઐતાજી ચૌહાણ નાઓ તેમની હયાતીમા રજી.વીલ ધ્વારા વાદીની તરફેણમા દાવાવાળી જમીન સર્વે નં.૧૬૧ નો કરી આપેલ છે. જે આધારે વાદીનુ નામ નોધ નં.૫૮૪૨ તા.૧૭/૪/૦૧ ની નોધ આધારે દાવાવાળી જમીનમા દાખલ થયેલ છે તેમજ તા.૨૯/૮/૨૨ ની સ્થિતિએ પણ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા વાદીનુ નામ ચાલી આવેલ છે. વધુમા પ્રતિવાદી તરફેની ઉપરોકત અરજીમા ગુ. શીવાજી ઐતાજી નાઓએ સદર રજી.વીલ કર્યા બાદ તે રદ કરાવેલ હોય કે તે રદ કર્યા અંગેની કોઈ નોધ રેવન્યુ રેકર્ડમા પડાવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમા પ્રતિવાદી નાઓની તરફેણમા રજુ થયેલ વેચાણ દસ્તાવેજ નં.૪૫૯ આધારે પ્રતિવાદી એ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા પોતાનુ નામ દાખલ કરાવવા કોઈ કાર્યવાહી પણ કરેલ નથી. તેમજ તા.૨૭/૬/૧૯૯૫ ના રોજ થયેલ રજી.વેચાણ દસ્તાવેજ જે તે તારીખે પ્રતિવાદીની તરફેણમા થયેલ હોવા છતાં વાદી તરફે ઉપરોકત વીલ આધારે નોધ નં.૫૮૪૨ ના આધારે પોતાનુ નામ દાખલ કરાવેલ હોય જે બાબતે પ્રતિવાદી તરફે જે તે સમયે કોઈ વાંધો કે તકરાર પણ ઉઠાવેલ નથી. જે ઉપરોકત હકીકત ધ્યાને લેતા પ્રતિવાદી તરફે શીવાજી ઐતાજીની હયાતીમા સદર વેચાણ દસ્તાવેજ કેફી દ્રવ્ય પીવડાવી કે અન્ય કોઈ રીતે તેમના નામે કરાવી લીધેલ હોય તે હકીકત આ તબકકે નકારી શકાય નહી. વધુમા ઉપરોકત હકીકત બાબતે જે કાયદો તથા હકીકતનો પ્રશ્ન થતો હોય તે બાબતે પુરાવો લેવાનુ જરુરી હોવાનુ આ તબકકે જણાય આવે છે.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે KHATRI HOTELS PRIVATE LIMITED Vs. UNION OF INDIA REPORTED IN AIR 2011 SC 3590 HELD IN PARA 27 મા એવુ ઠરાવેલ છે કે દાવો માંડવો અને દાવાનુ કારણ ઉપાર્જીત થયેલ તે બાબતે દાવામા દાવો દાખલ કરવાના એકથી વધુ કારણો હોઈ શકે અને તેમા સમય મર્યાદા દાવો દાખલ કરવાનુ સૌથી પહેલુ કારણ ઉપસ્થિત થયુ ત્યારથી ગણવુ જોઈશે અને તે કારણ અસ્થિર થયેલ હોય તો ત્યાર બાદ જે કારણ ઉપસ્થિત થયેલ હોય તેને સમય મર્યાદા માટેનુ કારણ ગણી શકાશે નહી.

તેમજ પ્રતિવાદી તરફે લીમીટેશન કાયદાની કલમ–૯ આધારે જયારે એક વખત સમય મર્યાદાનુ કારણ નકકી થાય તો ત્યાર બાદ ઉપસ્થિત થતા કારણો ધ્યાને લઈ શકાશે નહી તેના પર આધાર રાખેલ છે.

તેમજ પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે DAHIBEN Vs. ARVINDBHAI KALYANJI BHANUSALI (GAJRA) (D) THR LRS & ORS [CIVIL APPEAL NO.9519 OF 2019] DATED 9 TH JULY 2020 PARA-12 TO 14 ના ઉપર આધાર રાખી રજુઆત કરેલ છે કે જયારે દાવામા જણાવેલ હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ હોય તેવા સંજોગોમા કોર્ટનો સમય વ્યય ન થાય તે રીતે સીપીસી ઓર્ડર–૭, રૂલ ૧૧ નો ઉપયોગ કરવો જોઈશે.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે T.ARIVANDANDAM Vs. T.V. SATYAPAL & ANR (1977) 4 SCC 467 ના ચુકાદામા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૧૩(૧) જી.એલ.આર. ૩૯૮ તથા નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૧૯૭૭ (૪) એસ.સી.સી. ૪૬૭ જણાવેલ છે કે, જયારે દાવા અરજીમા સત્યથી વેગળી અને ટકવા પાત્ર ન હોય તેવી હકીકત જણાવેલ હોય અને દાવો કરવાનુ સાચુ કારણ જણાવેલ ન હોય અને બોગસ હકીકત જણાવેલ હોય તેવા સંજોગોમા ઓ.૭, રૂલ–૧૧ ની જોગવાઈનો ઉપયોગ કરવો જોઈશે.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે I.T.C. Ltd Vs. DEBT RECORVEY APPELLATE TRIBUNAL (1998 ) 2 SCC 170 ના ચુકાદામા તથા HARDESH ORES Pvt Ltd, SOCIEDADE DE FORENTO INDUSTRIAL PVT

LTD Vs. HEDE AND COMPANY [2007 (5) SCC 614 ] માં ઠરાવેલ છે કે જયારે દાવાની હકીકત ભ્રમણા ઉપજાવે તેવા કારણ આધારે દાવો દાખલ કરેલ હોય અને સત્ય હકીકતો છુપાવેલ હોય તેમજ સત્યથી વેગળી હકીકત જણાવેલ હોય અને ઢાંકપીછોણા કરી દાવા અરજી દાખલ કરેલ હોય ત્યારે આ દાવા ટકવા પાત્ર નથી.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે A.B.C. LAMINART PVT LTD Vs. A.P. AGENCIES, SALEM (1989) 2 SCC 163 ના ચુકાદામા ઠરાવેલ છે કે જયારે પ્રતિવાદીએ કઈ ચીજવસ્તુ કરેલ હોય તેવા કારણે દાવો દાખલ કરવાનુ કારણ ઉપસ્થિત થાય પરંતુ જયારે પ્રતિવાદી કોઈ કૃત્ય કરેલ ન હોય તેવા સંજોગોમા દાવો દાખલ કરવાનુ કારણ તે આધારે લઈ શકાય નહી.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે ૨૦૦૭(૫) એસ.સી.સી. ૬૧૪ તથા નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૨૦૧૧(૯) એસ.સી.સી. ૧૨૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૧૩(૧) જી.એલ.આર. ૫૧ તથા EMRALD CO. PERATIVE HOUSING SOCIETY LTD Vs. MANGUBEN THAKOR AND ORS (2017) 1 GLR 273 ના ચુકાદામા ઠરાવેલ છે કે, સમય મર્યાદા બાદ દાવો દાખલ કરેલ હોય તો તેનો આધાર લઈ ઓ–૭, ૩–૧૧ મુજબ દાખો કાઢી નાંખવો જોઈશે.

પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે BECHARBHAI ZAVERBHAI PATEL & ANR Vs. JASHBHAI SHIVABHAI PATEL & ORS (2013) (1) 54 (1) GLR 398 ના ચુકાદામા ઠરાવેલ છે કે કલેવર ડ્રાફટીંગ કરી દાવો સમય મર્યાદામાની અંદર લાવવા રજુઆત કરેલ હોય તો તે આધારે સમય મર્યાદાના બાધના કારણે દાવો ટકી શકે નહી.

પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે DILBOO (DEAD) BY LRS, AND OTHERS Vs. DHANRAJI (DEAD) AND OTHERS REPORTED IN AIR 2000 SC 3146 ના ચુકાદામા ઠરાવેલ છે કે, જયારે દસ્તાવેજ રજીસ્ટર થાય તો તે રજીસ્ટર થયેલ તારીખે દસ્તાવેજની પક્ષકારોને જાણ થયેલાનુ અનુમાન કરી શકાશે અને તે આધારે દાવો દાખલ કરવાની સમય મર્યાદામા વધારો કરી શકાશે નહી.

પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે MANIBEN Vs. DWARKABHAI NARANBHAI ISHVARBHAI & ORS. SECOND APPEAL NO.109/2016 AND CIVIL APPLICATION NO.4522/2016 IN SECOND APPEAL NO.109/2016 ના ચુકાદામા ઠરાવેલ છે કે બોગસ અને ભ્રમણા ઉપજાવે તેવી હકીકતો જણાવી અને તેમા તારીખો જણાવ્યા વગર કે કોઈ દસ્તાવેજ જેના પર આધાર રાખતા હોય તેની તારીખ દાવા અરજીમા જણાવ્યા વગરનો દાવાનુ કારણ ઉપસ્થિત કર્યાની હકીકત જણાવેલ હોય તો સી.પી.સી. ઓ.૭, રૂલ.૧૧(ડી)ની જોગવાઈ મુજબ દાવો ટકવા પાત્ર નથી.

પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે MOHANBHAI MAGANBHAI PATEL Vs. MIRAL VALLABHBHAI SURANI AND ORS. FIRST APPLEAL NO.1095 OF 2019 AND CIVIL APPLICATIPN NO.5242 OF 2016 IN FIRST APPEAL NO.1095/2016 ના ચુકાદામા ઠરાવેલ છે કે, વેચાણ દસ્તાવેજ થયેલ હોય તો દસ્તાવેજ થયાની તારીખથી ત્રણ વર્ષની અંદર દાવો દાખલ કરેલ ન હોય તો સમય મર્યાદાના કારણે સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની જોગવાઈ મુજબ દાવો કાઢી નાંખવો જોઈશે.

પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે POONAMBHAI SHANABHAI VALAND AND ORS. Vs. HASMUKHBHAI BACHUBHAI PARSANA & ORS. (2017) 3 GLR 2511 ના ચુકાદામા ઠરાવેલ છે કે, દાવા અરજીમા કુશળ મુસદો તથા ખોટી હકીકતો દર્શાવી સમય મર્યાદાને લંબાવી શકાશે નહી અને તે કારણે દાવો સમય મર્યાદાની અંદર હોય તેવુ ગણી શકાશે નહી અને આવા સં જોગોમા સમય મર્યાદાના બાધને કારણી સીપીસી ઓ.૭, રૂ.૧૧ ની જોગવાઈનો ઉપયોગ કરી દાવો રદ કરી શકાશે.

વાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે મહીપતભાઈ રામાભાઈ ઠાકોર વિરુધ્ધ વિનુભાઈ શામળભાઈ એલ.એલ.જી.૨૦૧૭ ડી. ની પાન નં.૪૦૧ ના ચુકાદામા ઠરાવેલ છે કે, જયારે કાયદાની હકીકતનો પ્રશ્ન હોય તેવા સંજોગોમા સી.પીસી. ઓ.૭, રૂ.૧૧ ની જોગવાઈ મુજબ દાવો રદ કરી શકાશે નહી.

પ્રતિવાદી તરફે રજુ ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. હાથ ઉપરના દાવાના કામે બોગસ અને સત્યથી વેગળી હકીકત જણાવી દાવો કરેલ હોય તેવુ જણાતુ નથી. તેમજ કોઈ હકીકત છુપાવી દાવો કરેલ હોય તેવુ જણાતુ નથી તેમજ જયારે દાવામા કાયદો અને હકીકતનો પ્રશ્ન જણાય આવે તો તેવા સંજોગોમા ઓ.૭, રૂ.૧૧ મુજબ દાવો રદ કરી શકાશે નહી. જે ધ્યાને લેતા ઉપરોકત પ્રતિવાદી તરફે રજુ ચુકાદાઓ હાથ ઉપરના કેસના વિષય વસ્તુ સાથે સુસંગત જણાય આવતા નથી.

વધુમા વાદી તરફે રજુ ચુકાદો ધ્યાને લેતા હાથ ઉપરના દાવામા કાયદો અને હકીકતનો પ્રશ્ન હોવાનુ જણાતુ હોય ઉપરોકત ચુકાદો હાથ ઉપરના કેસના વિષય વસ્તુ સાથે સુસંગત જણાય છે.

જે ઉપરોકત ચર્ચા કરેલ કારણો ધ્યાને લેતા પ્રતિવાદી તરફે ગુજ.શીવાજી ઐતાજીની હયાતીમા સદર વેચાણ દસ્તાવેજ સ્વસ્થ હાલતમા કરાવેલ છે કે નહી કે અન્ય કોઈ રીતે તેમના નામે કરાવી લીધેલ હોય તે બાબતે પુરાવો લેવો જરુરી જણાય છે. વધુમા ઉપરોકત હકીકત બાબતે જે કાયદો તથા હકીકતનો પ્રશ્ન થતો હોય તે બાબતે પુરાવો લેવાનુ જરુરી હોવાનુ આ તબકકે જણાય આવે છે. જે ધ્યાને લેતા પ્ર તિવાદી તરફે રજુ સદર અરજી મંજુર કરવી ન્યાયી જણાતી ન હોય આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

આ કામે પ્રતિવાદી તરફે આંક–૧૪ વાળી સી.પી.સી. ઓ.૭, રૂ.૧૧(એ)(ડી) મુજબ દાવો રદ કરવીન અરજી નામંજુર કરવામાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**Date:-26/07/2024**
**Mahemdavad.**

**(MANAN S. SONI)**
**Principal Civil Judge**
**Mahemdavad, JUDGE CODE: GJ01262.**